


શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે છેલ્લા કેટલાક દિવસથી ન્યાય મેળવવા માટે એલ.આર.ડી. મહિલા ઉમેદવારો આંદોલન પર બેઠી છે. ત્યારે આજે એલ.આર.ડી. મહિલાઓએ થાળી વગાડીને સરકારને જગાડવાનું અભિયાન હાથ ધર્યું હતું. તીડના આક્રમણને પગલે ખેતરમાં લહેરાતો પાક બચાવવા ખેડૂત થાળી વગાડી તીડને ભગાડે છે તેમજ તીડને લઈ સરકાર પણ ચિંતિત છે ત્યારે મહિલા ઉમેદવારોએ અન્યાય નામના તીડને ભગાડવા માટે થાળી વગાડી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં મહિલા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

# વાસણ ગામે જુગાર રમતા બે ઝડપાયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર તાલુકાના વાસણ ગામે જુગાર રમતા બે શકુનીઓને એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. જયારે પોલીસની રેઈડને પગલે જુગારીઓમાં દોડધામ મચી જતા ત્રણ જુગારી ભાગી છુટવામાં સફળ રહ્યા છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રકમ રૂ.૩૨૫૦ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા વાસણ ગામે કિયાડીવાળા ખેતરમાં જુગાર રમાતો હોવાની બાતમી એલસીબીમાં ફરજ બજાવતા લોકરક્ષક જયોતિકુમારીને મળી હતી. જેને પગલે પોલીસે વાસણ ગામે રેઈડ પાડતા જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. આ રેઈડ દરમિયાન બે જુગારી પકડાઈ ગયા હતા. જેમાં ગામના જીતેન્દ્રસિંહ કરણસિંહ વાઘેલા (૩૪વર્ષ) તેમજ જુજારસિંહ તખતસિંહ ચાવડા (૪૯ વર્ષ વચલોવાસ) નો સમાવેશ થાય છે. ભાગી છુટેલા શખ્સોમાં અંગે પુછતાછ કરતા રજુજી કચરાજી વાઘેલા જેણે જુગાર રમવા જુગારીઓને એકઠા કર્યા હતા અને તેની માલિકીનું ખેતર છે. વાસણનો ગાભાજી દેવાજી ઠાકોર તેમજ ઉનાવાનો મનોજ પરમાર હોવાનું સામે આવ્યું હતું. જેથી એલસીબી પોલીસે બંન્ને આરોપી પાસેથી રોકડા રૂ.૩૨૫૦ જપ્ત કરી તમામ આરોપી સામે જુગારધારાનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ખોરજ હુડકોમાં બાવળની ઝાડીમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા પોલીસે રેઈડ પાડી હતી. જેમાં ખોરજ હુડકો ખાતે રહેતા રાજુભાઈ ધાનાભાઈ સલાટ (૫૫ વર્ષ) લાલશા ભીખુશા દિવાન (૪૨ વર્ષ) જાવેદશા રજજબશા દિવાન (૩૦ વર્ષ) જુગાર રમતા રંગેહાથ પકડાઈ ગયા હતા.તેઓની પાસેથી પોલીસે રોકડા રૂ.૮૧૦ જપ્ત કરીને ત્રણેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.**

# લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા અમદાવાદ ખાતે ભજન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા અસારવા (મહાપ્રભુજીની બેઠક) અમદાવાદ ખાતે ભજનમંડળની ૪૦ જેટલી બહેનો માટે એક ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા દરેક બહેનોને લાયોનેસ સ્વાતીબેન ચોકસી દ્વારા દીવીનું અનુદાન તથા સાંજનું ભોજન કરાવવામાં આવ્યું હતું. ઉપરાંત ગૌશાળાની દરેક ગાયોને ઘાસ પણ આપવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં ૧૮૧ હેલ્પલાઈન દ્વારા બહેનોની સુરક્ષા વિશે માર્ગદર્શન પણ ૧૮૧ ટીમ દ્વારા આપવામાં આવ્યુ હતુ. જ્યારે વિજેતાટીમને ઈનામો આપી પ્રોત્સાહીત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ દક્ષા જાદવ, સેક્રેટરી દક્ષા જાદવ, ભૂતપૂર્વ પ્રમુખ મીનાક્ષી જયોતિદાની અને મેમ્બર રમીલાબેન ઠક્કર સહિત મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.




# અડાલજ ત્રિ-મંદિર ખાતે યોજાનારા ત્રિ-દિવસીય બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૨માં ત્રણ લાખથી વધુ બ્રહ્મ પરિવારો ભાગ લેશે

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજયકક્ષા) દ્વારા આગામી ૩-૪-૫ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ અડાલજ પાસેના ત્રિ મંદિર કેમ્પસમાં ત્રિદિવસીય ગુજરાતના બ્રાહ્મણોની મેઘા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૨ અને બ્રહ્મ ગૌરવ એવોર્ડ સહિતના કાર્યક્રમો યોજાનાર છે. જે માટે રાજયભરના તમામ જિલ્લાઓમાંથી લાખ્ખો પરિવારો સમિટમાં ભાગ લઈ વિવિધ કાર્યક્રમોમાં જોડાશે અને તે માટે બ્રહ્મ સમાજ દ્વારા દરેક જિલ્લાઓમાં સમિટને સફળ બનાવવાના આયોજનો થઈ રહ્યા છે.



આયોજનની વિગત આપતા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજયકક્ષા) ના મુખ્ય સંગઠક કમલેશભાઈ વ્યાસે જણાવ્યુ હતું કે, તા.૩ અને ૪ જાન્યુઆરીના રોજ સાંજે ૬ થી ૯ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં પ્રસિધ્ધ ગુજરાતી કલાકારો કાર્યક્રમમાં ભાગ લેશે. જયારે તા.૫ જાન્યુઆરીના સાંજે ૬ કલાકે બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨ કાર્યક્રમ યોજાશે. જેમાં ફિલ્મી જગતની પ્રસિધ્ધ હસ્તીઓ ઉપસ્થિત રહેશે. ૨૦૧૭ માં પહેલી મેઘા બ્રાહ્મણ બિઝનેસ સમિટ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં ૧.૫૦ લાખથી વધુ મુલાકાતીઓએ મુલાકાત કરી હતી અને તેમાં ૪૨૦૦ થી વધુ બ્રાહ્મણ યુવા યુવતીઓને રોજગારી પૂરી પાડવામાં આવી હતી. તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન પ્રાપ્ત કરનાર ૬૦૦થી વધુ બ્રહ્મ પ્રતિભાવોના સન્માન સાથે ૧૦ હજારથી વધુ યુવા યુવતીઓને રોજગારી આપવાનો અંદાજ છે.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજયકક્ષા) ના કન્વીનર ડૉ.યજ્ઞેશ દવેએ જણાવ્યુ હતું કે, રાજયના બ્રહ્મ સમાજ માટે બ્રહ્મ હેલ્થ કાર્ડની યોજના મુકાઈ છે. જેમાં ૭૦ હજારથી વધુ બ્રહ્મ પરિવારોએ ફોર્મ ભરી સાથે ડોકટરો દ્વારા ૭૦૦થી વધુ સેવાઓમાં ૫૦ ટકા સુધી ડીસ્કાઉન્ટ અપાવવાનું આયોજન કરાયુ છે. આવા તબીબોનું સન્માન કરી તા.૫ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ બિઝનેસ સમિટમાં તબીબોનું સન્માન કરી બ્રહ્મ હેલ્થ કાર્ડનું વિતરણ કરાશે તેમ જણાવ્યુ હતું. સમગ્ર સમિટને સફળ બનાવવા ભારે પરિશ્રમ ઉઠાવી રહ્યા છે.

# આજે વિસનગરા નાગર પરિવારનું સ્નેહ સંમેલન

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરનો ૨૬મો સ્નેહ સંમેલન પારિતોષિક વાર્ષિકોત્સવ તા. ૨૯મી ડિસેમ્બરના રોજ સ્ટાફ ટ્રેનિંગ ઈજનેરી કોલેજ હોલમાં બપોરે બે વાગે યોજાશે. સમારંભના અધ્યક્ષસ્થાને નાગરબંધુના તંત્રી તથા જાણીતા એડવોકેટ અને નાગર અગ્રણી અશોકભાઈ સોમાલાલ મહેતા ઉપસ્થિત રહેશે.

બપોરે બે વાગે સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ સ્નેહ સંમેલન તથા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે. અમૃત મહોત્સવ વર્ષમાં પ્રવેશેલા વયસ્કોનું પણ સન્માન યોજાશે. મોટી સંખ્યામાં જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા પરિવારના પ્રમુખ ડૉ. ભાવેશભાઈ પ્રમોદચંદ્ર મહેતા તથા મંત્રી કૌશિકભાઈ રાવલે જણાવ્યું છે.

ટચૂકડી જાહેર ખબર
**મકાન વેચવાનું છે**
**સુનીલ પરીખ (ફુલ ફર્નીચર)**
૩૮૦/એ/૩, પરમતપ
એપાર્ટમેન્ટ, સ્વામિનારાયણ
મંદિરની બાજુમાં,
સેક્ટર-૨૩, ગાંધીનગર
**મો. ૯૮૨૪૪ ૦૯૩૭૦**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

**પ્રત્યેક લાભાર્થી સરકારી સહાયનો અચૂક લાભ લઈ શકે તે સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રીશ્રીની અનોખી પહેલ**



**સેવા સેતુ**
સેવાનો સેતુ, જનહિતનો હેતુ

**તમારી સરકાર તમારા આંગણે**

**અત્યાર સુધી ૧.૫૩ કરોડ નાગરીકોને તેમના જ ઘર આંગણે સેવા સેતુ કાર્યક્રમનો લાભ મળ્યો**





**સેવા સેતુ કાર્યક્રમમાં સમાવિષ્ટ ૫૭ સેવાઓ જેવી કે**

- આધાર કાર્ડ
- રાશન કાર્ડમાં નામ સુધારો કરવો
- દિવ્યાંગતા પ્રમાણપત્ર
- શ્રવણ તીર્થ યોજના રજીસ્ટ્રેશન
- સુકન્યા સમૃદ્ધિ યોજના
- લગ્ન નોંધણી પ્રમાણપત્ર
- રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના
- વૃદ્ધ નિરાધાર સહાય
- રાશન કાર્ડમાં નામ કમી કરવું
- કસ્તુરબા પોષણ સહાય યોજના
- ઘરેલું નવા વીજ જોડાણ (અરજી)
- પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના
- લર્નીંગ લાઈસન્સ
- કૌટુંબિક સહાય યોજના
- UDID કાર્ડનું રજીસ્ટ્રેશન
- રાશન કાર્ડમાં નામ દાખલ કરવું
- કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના
- મા વાત્સલ્ય કાર્ડ (અરજી)
- મેડિસીન સારવાર
- વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર
- મેડિકલ ઓફિસર દ્વારા ઉંમરનો દાખલો
- જાતિ પ્રમાણપત્ર (અનુસૂચિત જાતિ)
- આધાર કાર્ડ સંલગ્ન મોબાઈલ નંબર પરિવર્તન
- નવું બેન્ક એકાઉન્ટ ખોલાવવું
- મા અમૃતમ્ કાર્ડ (અરજી)
- પ્રોપર્ટી ટેક્ષ
- અટલ પેન્શન યોજના
- ૭/૧૨, ૮-અ ના પ્રમાણપત્રો
- નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર
- સિટી ટ્રાન્સપોર્ટ માસિક પાસની સેવાઓ
- જન્મ-મરણના પ્રમાણપત્ર
- કિસાન ક્રેડીટ કાર્ડ-નવું કાર્ડ તથા ક્રેડીટ મર્યાદામાં વધારો
- હેલ્થ વેલનેસ કાર્ડ (ડાયાબીટીઝ અને બી.પી. ની ચકાસણી)
- બસ કન્સેશન પાસ-સિનિયર સિટિઝન માટે/સામાન્ય લોકો માટે
- મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજનાની અરજીઓનો સ્વીકાર કરવો
- આધાર કાર્ડનું બેન્ક એકાઉન્ટ સાથે જોડાણ
- જનધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલાવવું
- જાતિ પ્રમાણપત્ર(સૌરાષ્ટ્રના જિલ્લાઓ સિવાય)
- ફ્રી શીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમ્યાન

**સેવા સેતુ કાર્યક્રમ દ્વારા ૯૯.૮૧ ટકા અરજીઓનો સ્થળ ઉપર જ ત્વરિત નિકાલ**



**નિર્ણાયક નેતા, મજબૂત સરકાર**

ગુજરાતની પ્રજાની અપેક્ષા-લાગણી અને માંગણી પૂર્ણ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ
શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

Z માહિતી ૨૦૧૯-૨૦ (૬૦)